## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના સંશોધન તાલીમ અને ચકાસણી કેન્દ્ર દ્વારા
## "તેલીબિયાં ખેતપેદાશોનું મૂલ્યવર્ધન અને બજાર વ્યવસ્થા"
## વિષય પર  એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યકમ

તેલીબિયાં પેદાશોને સીધીજ બજારમાં મૂકવાને બદલે યોગ્ય પ્રોસેસિંગ અને મુલ્યવર્ધન કરી મુકવામાં આવે તો વધુ ખેડૂતો ને વધુ આવક મળી શકે અને આત્મનિર્ભર બની શકે તે હેતુથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના "સેન્ટર ઓફ એકસલન્સ ઓન સોઇલ એન્ડ વોટર મેનેજમેન્ટ", આરટીટીસી દ્વારા તા. ૨૦.૦૯.૨૦૨૨ના રોજ "તેલીબિયાં ખેતપેદાશોનું મૂલ્યવર્ધન અને બજાર વ્યવસ્થા" વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યકમનું આયોજન કરવામાં આવેલ. આ તાલીમ કાર્યકમનું ઉદઘાટન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી માન. કુલપતિશ્રી ડો. વી. પી. ચોવટિયા સાહેબ દ્વારા કરવામાં આવેલ. ઉદઘાટન પ્રસંગે ચોવટિયા સાહેબે ખેડૂતોને જણાવેલ કે તેલીબિયાં પાકો સંદર્ભે ચીન અને બ્રાઝીલ જેવા દેશો સાથે પ્રતિસ્પર્ધા કરવા અને વધુ આવક મેળવવા માટે સૌરાષ્ટ્રના ખેડૂતો ફક્ત સારા ઉત્પાદનથી સંતોષ ન માની ઉત્પાદિત પેદાશોનું યોગ્ય  મુલ્યવર્ધન અને એક્સપોર્ટ કરતા થાય તે ખુબજ જરૂરી છે. ઉદઘાટન પ્રસંગે ડો. ડી. આર. મેહતા, સંશોધન નિયામકશ્રી, જૂ.કૃ.યુ. દ્વારા યુનિવર્સિટીએ વિકસાવેલ નવી જાતોનું વાવેતર કરી વધુ ગુણવતા યુક્ત ઉત્પાદન મેળવવા બાબતે તેમજ મૂલ્યવર્ધન કરી ખેડૂતો પોતાની ખેત પેદાશોનો યોગ્યભાવ કઈ રીતે મેળવી શકે તે દિશામાં માર્ગદર્શન આપેલ.  આચાર્ય અને ડીનશ્રી, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ. જૂનાગઢ, ડૉ. એન. કે. ગોંટિયાએ તાલીમાર્થી ખેડૂતોને સહકારી ધોરણે તેલીબીયા પેદાશોની મુલ્યવૃદ્ધિ કરવા પ્રેરિત કરેલ. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, જૂ.કૃ.યુ.ની  કચેરીના ડો. વાય. એચ. ઘેલાણી, સહ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી દ્વારા ખેડૂતોને વારંવાર યોજાતી આવી તાલીમોમાં ભાગ લઇ પોતાના જ્ઞાનમાં વધારો કરી વધુ આવક મેળવવા બાબતે અપીલ કરેલ.

આ તાલીમ કાર્યકમમાં ગુણવત્તા સભર બીજ ઉત્પાદન માટે ધ્યાનમાં રાખવાની બાબતો, તેલીબીયા ખેત પેદાશોના વેચાણ માટેની બજાર વ્યવસ્થા, તેલીબીયા ખેત પેદાશોની નિકાસની તકો, તેલીબીયા ખેત પેદાશોનું મૂલ્યવર્ધન  અને તલમાં પ્રોસેસિંગ દ્વારા મુલ્યવૃદ્ધી અને તેની જુદી જુદી બનાવટો જેવા વિષયો પર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા તાલીમ આપવામાં આવેલ જેમાં જૂનાગઢ તેમજ અમરેલી જીલ્લાના તેલીબિયાં  ખેતી અને ખેત પેદાશોનું મુલ્યવર્ધન કરતા કુલ ૪૦ જેટલા પુરુષ અને મહિલા ખેડૂતોએ ભાગ લીધેલ.

જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના માનનીય કુલપતિશ્રી ડો. વી. પી. ચોવટિયાની પ્રેરણા  તેમજ  સંશોધન નિયામકશ્રી ડો. ડી. આર. મેહતા, અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો.ચએ . એમ. ગાજીપરા ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ તાલીમથી ખેડૂતો લાભાન્વિત થયેલ.  આ તાલીમનું આયોજન અને સંકલન  જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના સંશોધન, ચકાસણી અને તાલીમ અને કેન્દ્રના ડો. જી. વી. પ્રજાપતિ, સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી) અને પ્રો. પી. એ. પંડ્યા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા કરવામાં આવેલ.

સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી)
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જૂનાગઢ


ખેડૂત તાલીમ


ખેડૂત તાલીમ







